# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-03-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

*****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફિનલેન્ડના રાષ્ટ્રપ્રમુખ એલેક્ઝાન્ડર સ્ટબ સાથે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય ચર્ચા કરી.**
2. **પ્રધાનમંત્રી સાંજે નવી દિલ્હીમાં રાયસિના સંવાદની 11-મી આવૃત્તિનો પ્રારંભ કરાવશે.**
3. **બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે આગામી રાજ્યસભા ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાની જાહેરાત કરી.**
4. **પશ્ચિમ એશિયામાં સંઘર્ષ તીવ્ર બન્યો – ઇઝરાયેલના સંરક્ષણ દળોએ ઇરાનમાં અનેક ઠેકાણા નષ્ટ કર્યાનો દાવો કર્યો.**
5. **ICC T-20 ક્રિકેટ વિશ્વકપમાં આજે ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે મુંબઈમાં સેમિ-ફાઈનલનો મુકાબલો.**

,,.........................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM FINLAND PREZ MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફિનલૅન્ડના રાષ્ટ્રપ્રમુખ ઍલેક્ઝાન્ડર સ્ટબ સાથે વિવિધ ક્ષેત્રમાં દ્વિપક્ષીય સહકારને મજબૂત કરવા અંગે ચર્ચા કરી રહ્યા છે. તેઓ બહુપક્ષીય મંચમાં સહકાર સહિત પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ પોતાના વિચાર રજૂ કરશે. બેઠક બાદ અનેક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરાશે. પ્રધાનમંત્રીએ તેમના સન્માનમાં ભોજનનું પણ આયોજન કર્યું છે.

શ્રી સ્ટબ ગઈકાલથી ભારતના ચાર દિવસના રાજકીય પ્રવાસે નવી દિલ્હી પહોંચ્યા છે. વિદેશ રાજ્યમંત્રી કીર્તિવર્ધન સિંહે તેમનું સ્વાગત કર્યું. વિમાનમથક પર રાષ્ટ્રપ્રમુખ સ્ટબનું ઔપચારિક સ્વાગત કરાયું અને તેમને ગાર્ડ ઑફ ઑનર અપાયું હતું.

રાષ્ટ્રપ્રમુખ સ્ટબનો ભારતનો આ પહેલો પ્રવાસ છે. તેઓ રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે પણ મુલાકાત કરશે. ઉપરાંત ઉપ-રાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણનને પણ તેઓ મળશે. રાષ્ટ્રપ્રમુખ સ્ટબ આજે સાંજે રાષ્ટ્રીય પાટનગરમાં યોજાનારા 11-મા રાયસીના ડાયલૉગ 2026માં મુખ્યઅતિથિ અને મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેશે.

# RAISINA DIALOGUE

પ્રધાનમંત્રી નવી દિલ્હીમાં આજે ભારતમાં ભૂ-રાજકીય અને ભૂ-અર્થશાસ્ત્ર મુખ્ય સંમેલન રાયસિના સંવાદની 11-મી આવૃત્તિનો પ્રારંભ કરાવશે. ત્રણ દિવસના સંમેલનમાં વૈશ્વિક નેતા, નીતિ નિર્માતાઓ અને નિષ્ણાત આંતર-રાષ્ટ્રીય સ્તરના મહત્વના મુદ્દાઓ તથા વ્યૂહાત્મક સહકાર પર વિચાર-વિમર્શ કરાશે.

વર્ષ 2026ની આ સંવાદની વિષયવસ્તુ "સંસ્કાર – પ્રતિજ્ઞા, સંવાદિતા, પ્રગતિ" છે, જે વર્તમાન વૈશ્વિક પરિદ્રશ્યને દર્શાવે છે. તેનું આયોજન વિદેશ મંત્રાલયના સહકારથી ઑબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## VOICECAST: RAISINA

# JAISHANKAR-FINLAND PREZ

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે સવારે નવી દિલ્હીમાં ફિનલેન્ડના રાષ્ટ્રપ્રમુખ એલેક્ઝાન્ડર સ્ટબ સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે વિશ્વાસ વ્યક્ત કર્યો કે શ્રી સ્ટબની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત બંને દેશના સંબંધને વધુ મજબૂત બનાવશે. ડૉ. જયશંકરે ઉમેર્યું કે તેઓ સાંજે રાયસીના સંવાદમાં ફિનલેન્ડના રાષ્ટ્રપ્રમુખના સંબોધનની રાહ જોઈ રહ્યા છે.

# MAURITIUS-FM-INDIA

મોરિશિયસના વિદેશી બાબતોના મંત્રી ધનંજય રામફુલ રાયસીના સંવાદ-2026માં ભાગ લેવા નવી દિલ્હી પહોંચ્યાં. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, ભારત અને મોરિશિયસ સહિયારી સંસ્કૃતિ અને વિરાસત તથા મજબૂત જન-સંબંધ ધરાવે છે.

# NITISH KUMAR - RAJYA SABHA

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે કહ્યું, તેઓ આગામી રાજ્યસભા ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવશે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી કુમારે કહ્યું કે બિહાર વિધાનસભાના બંને ગૃહ તેમજ સંસદના બંને ગૃહના સભ્ય બનવાની તેમની ઇચ્છા રહી છે. તેમણે બિહારના લોકોનો બે દાયકાથી વધુ સમય સુધી બિહારના મુખ્યમંત્રી તરીકે સેવા આપવા તેમના પર વિશ્વાસ મૂકવા બદલ આભાર પણ વ્યક્ત કર્યો.

# REV NEPAL ELECTION

નેપાળમાં સંસદીય ચૂંટણી માટે આજે મતદાન થઈ રહ્યું છે. સવારે 11 વાગ્યા સુધી 19 લાખ મત પડ્યા છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં યુવા નેતૃત્વ હેઠળના પ્રદર્શન પછીની આ પહેલી સામાન્ય ચૂંટણી છે. નેપાળની ત્રણ કરોડની વસતિમાંથી અંદાજે એક કરોડ 90 લાખ મતદાર 275 સભ્ય ધરાવતી પ્રતિનિધિ સભાની ચૂંટણીમાં ભાગ લઈ રહ્યા છે.

ચૂંટણીમાં નેપાળી કૉંગ્રેસ-NC અને કમ્યુનિસ્ટ પાર્ટી ઑફ નેપાળ-યુનિફાઈડ માર્ક્સિસ્ટ-લેનિનિસ્ટ સામસામે છે. રૅપરથી રાજનેતા બનેલાં બલેન્દ્ર શાહ જાન્યુઆરીમાં ત્રણ વર્ષ જૂની પાર્ટીમાં સામેલ થયા છે અને તેમને પ્રધાનમંત્રી પદનાં ઉમેદવાર જાહેર કરાયાં છે.

**VOICECAST: SHWETA SINGH**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# WEST ASIA CONFLICT

પશ્ચિમ એશિયામાં સંઘર્ષ તીવ્ર થઈ રહ્યો છે. ઇઝરાયેલના સંરક્ષણ દળોએ ઇરાનની બૅલેસ્ટિક મિસાઈલના કાફલા સાથે જોડાયેલા અનેક ઠેકાણાઓને નષ્ટ કર્યાનો દાવો કર્યો છે. તેમાં મિસાઇલ લૉન્ચર અને વાયુ સંરક્ષણ પ્રણાલી સામેલ છે. આ પહેલા ઇઝરાયેલે પૂર્વ તહેરાનમાં ઇરાનના મોટા સૈન્ય પરિસર પર હુમલો કર્યો.

દરમિયાન અમેરિકાની વાયુસેના ઇરાન પર સતત હવાઈ હુમલા કરી રહી છે. અમેરિકાના કેન્દ્રીય કમાન્ડે જણાવ્યું, આ દળોએ 20થી વધુ ઇરાનના જહાજને નષ્ટ કરાયા અથવા ડૂબાડી દેવાયા છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે કહ્યું, ઇરાન સામે યુદ્ધમાં અમેરિકા અને ઇઝરાયેલ મજબૂત સ્થિતિમાં છે અને તેઓ આગળ પણ આ કાર્યવાહી ચાલુ રાખશે. તેમણે તહેરાનના બેલિસ્ટિક મિસાઇલ પૂરવઠાને ઝડપથી નષ્ટ કરવામાં આવી રહ્યા હોવાનો પણ દાવો કર્યો.

**BYTE: DONALD TRUMP, USA PREZ**

બીજી તરફ, ઇરાને પણ આ ક્ષેત્રમાં હવાઈ હુમલા યથાવત્ રાખ્યા છે. સંયુક્ત આરબ અમિરાતના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું, તેમની વાયુ સંરક્ષણ પ્રણાલિએ ગઈકાલે ત્રણ બેલેસ્ટિક મિસાઇલને તોડી પાડી. દુબઈ વહીવટી તંત્રએ અમિરાતના વિવિધ ક્ષેત્રમાં સંભળાયેલો અવાજ સફળ વાયુ સંરક્ષણ કાર્યવાહીનો ભાગ હોવાની અને તેમાં કોઈ પણ વ્યક્તિને ઇજા ન પહોંચવાની પુષ્ટિ કરી છે.

# ISRAEL ATTACK

ઇઝરાયેલની વાયુસેનાએ ઇરાન પર ફરી હુમલા કર્યા. ઇઝરાયેલના સંરક્ષણ દળોએ તહેરાનમાં ઇરાની વહીવટી તંત્રની માળખાકીય સુવિધાને નુકસાન પહોંચાડતા વ્યાપક હુમલા કર્યા છે. આ પહેલા ઇઝરાયેલની વાયુસેનાએ ઇરાનના ઇસ્ફહાન અને કામ-માં મિસાઇલ લૉન્ચર અને સંરક્ષણ પ્રણાલિ પર હુમલો કર્યો હતો.

ઇઝરાયેલની વાયુસેનાના વિમાનોએ ઇરાનના કામ ક્ષેત્રમાં ઇઝરાયેલ તરફ પ્રક્ષેપણ માટે તૈયાર એક બેલેસ્ટિક મિસાઇલ લૉન્ચરને નષ્ટ કર્યું છે. આ સિવાય ઇસ્ફહાનમાં વાયુસાનેના વિમાનો પર હુમલો કરવાના ઉદ્દેશથી બનાવાયેલી એક સંરક્ષણ પ્રણાલીને પણ નષ્ટ કરવામાં આવી.

ઇઝરાયેલની વાયુસેનાએ જણાવ્યું, ઇરાનના તોપમારા કેન્દ્ર પર કરાયેલા આ હુમલા ક્ષેત્રમાં ઇઝરાયેલની હવાઈ શ્રેષ્ઠતા તથા મજબૂત કરવાના હેતુસર કરાયા છે. આ ઉપરાંત ઇઝરાયેલે લેબનોનમાં અનેક કમાન્ડ કેન્દ્રો પર પણ હુમલા કર્યા.

ઇઝરાયેલે જણાવ્યું, જે કમાન્ડ કેન્દ્રો પર હુમલા કરાયા તેમાંથી એકનો ઉપયોગ હિઝબુલ્લાહના વાયુ એકમ કરી રહી હતી. ઇઝરાયેલે આક્ષેપ લગાવ્યો કે, આ કમાન્ડ કેન્દ્રોનો ઉપયોગ હિઝબુલ્લાને ઇઝરાયેલના સંરક્ષણ દળો અને ઇઝરાયેલના નાગરિક વિરુદ્ધ ષડયંત્ર રચવા તથા આગળ વધવા માટે કરવામાં આવી રહ્યો હતો.

# CITIZENS RETURN

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે 170 જેટલા નાગરિક આજે વહેલી સવારે વિશેષ ફ્લાઇટ મારફતે સુરક્ષિત ગુજરાતનાં અમદાવાદ ખાતે પરત ફર્યા છે.

દુબઈથી એક વિશેષ રાહત ફ્લાઇટ ભારતીય નાગરિકોને લઈને સવારે 5 વાગ્યાના સુમારે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હવાઈ મથકે પહોંચી. ફ્લાઇટ **FZ 8437** તરીકે કાર્યરત આ વિમાન, સંઘર્ષથી પ્રભાવિત મુસાફરોના પરત ફરવાની સુવિધા માટે ખાસ પરિસ્થિતિઓમાં સંચાલિત કરાયું હતું. સ્વદેશ પરત ફર્યા બાદ મુસાફરોએ સરકારનો આભાર માન્યો હતો.

# MEA FACT CHECK

વિદેશ મંત્રાલયના ફેક્ટ ચેક એકમે અમેરિકાની ચેનલ વન અમેરિકા ન્યૂઝ - **OAN** પર કરવામાં આવી રહેલા દાવાઓને ખોટા અને ભ્રામક ગણાવ્યા છે. ચેનલમાં અમેરિકાના નૌકાદળ દ્વારા ભારતીય બંદરોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાનો દાવો કરાયો છે. મંત્રાલયે લોકોને પાયાવિહોણી માહિતીથી સાવચેત રહેવાની સલાહ આપી છે.

# NOON ICC T20 WORLD CUP

ICC ટી20 ક્રિકેટ વિશ્વકપની બીજી સેમિફાઈનલ મેચ આજે ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે રમાશે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં સાંજે સાત વાગ્યે મેચ શરૂ થશે. ગઈકાલે પહેલી સેમિફાઈનલમાં ન્યૂઝિલેન્ડે દક્ષિણ આફ્રિકાને નવ વિકેટથી હરાવી ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. ન્યૂઝિલેન્ડની ટીમે 12.5 ઑવરમાં એક વિકેટ ગુમાવી 173 રન કરીને મેચ જીતી લીધી. ટીમના ખેલાડીએ ફિન એલને અણનમ 100 રન બનાવતા તેમને “મેન ઑધ ધ મેચ” જાહેર કરાયા હતા.

# BADMINTON

ઑલ ઇંગ્લૅન્ડ બૅડમિન્ટન ચૅમ્પિયનશીપ 2026ના બીજા દિવસે ભારતના સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી ચિરાગ શેટ્ટી, રોહન કપૂર, ઋત્વિકા ગડ્ડે અને આયુષ શેટ્ટી ત્રણેયનો પહેલા તબક્કામાં પરાજય થયો છે. આ સાથે જ તેઓ ટૂર્નામેન્ટથી બહાર થઈ ગયા છે.

આજે બપોરે પુરુષ સિંગલ્સમાં ભારતીય ખેલાડી લક્ષ્ય સેન અને હૉન્ગકૉન્ગના ખેલાડી ઍંગસ એનજી કા લૉન્ગ વચ્ચે મુકાબલો થશે. જ્યારે મિશ્ર ડબલ્સમાં સાંજે ભારતીય જોડી ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટો હૉન્ગકૉન્ગનાં ત્સે યિંગ સુએત અને તાન્ગ ચૂન મન સામે રમશે.